**પ્રધાનમંત્રીએ G7 આઉટરીચ સત્રને સંબોધિત કર્યું (17 જૂન, 2025)**

18 જૂન, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે કાનાનાસ્કિસમાં G7 શિખર સંમેલનના આઉટરીચ સત્રમાં ભાગ લીધો હતો. તેમણે 'ઉર્જા સુરક્ષા: બદલતી દુનિયામાં ઍક્સેસ અને વ્યાજબીપણું સુનિશ્ચિત કરવા માટે વિવિધતા, ટેકનોલોજી અને બુનિયાદી ઢાંચા' પર એક સત્રને સંબોધિત કર્યું'. તેમણે કેનેડાના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી માર્ક કાર્નીનો તેમના આમંત્રણ માટે આભાર માન્યો અને પોતાની યાત્રાના 50 વર્ષ પૂરા થવા બદલ G7 ને અભિનંદન આપ્યા.

2. તેમના સંબોધનમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે ઉર્જા સુરક્ષા ભવિષ્યની પેઢીઓ સામે આવનાર મુખ્ય પડકારોમાંની એક છે. ભારતની સમાવેશી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા વિશે વિસ્તૃત માહિતી આપતા, તેમણે નોંધ્યું હતું કે ઉપલબ્ધતા, સુલભતા, વ્યાજબીપણું અને સ્વીકાર્યતા એવા સિદ્ધાંતો હતા જે ભારતને ઉર્જા સુરક્ષા માટેના અભિગમને આધાર આપે છે. તેમણે વધુ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત વિશ્વમાં સૌથી ઝડપી વિકસતું મુખ્ય અર્થતંત્ર હોવા છતાં, તેણે સમય પહેલાં તેની પેરિસ પ્રતિબદ્ધતાઓને સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. ટકાઉ અને હરિત ભવિષ્ય માટે ભારતની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતાં, તેમણે ભારતે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન, આપત્તિ લવચીક ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગઠબંધન, વૈશ્વિક બાયોફ્યુઅલ્સ એલાયન્સ, મિશન લાઇફ અને એક સન-વન વર્લ્ડ-વન ગ્રિડ જેવી અનેક વૈશ્વિક પહેલ હાથ ધરી છે અને આંતરરાષ્ટ્રીય સમુદાયને તેમને વધુ મજબૂત બનાવવા માટે આહ્વાન કર્યું છે.

3. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે વિશ્વના વિવિધ ભાગોમાં અનિશ્ચિતતા અને સંઘર્ષોની વૈશ્વિક દક્ષિણના દેશો પર ખરાબ અસર પડી છે, અને ભારત વૈશ્વિક દક્ષિણના અવાજને દુનિયાના મંચ પર રજૂ કરવાની પોતાની જવાબદારીને સમજે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો આંતરરાષ્ટ્રીય સમુદાય ટકાઉ ભવિષ્ય વિશે ગંભીર હોય તો વૈશ્વિક દક્ષિણની પ્રાથમિકતાઓ અને ચિંતાઓને સમજવી વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. સુરક્ષા પડકારો પર ભાર મૂકતાં, તેમણે દેશોને આતંકવાદ સામે વૈશ્વિક લડાઇને મજબૂત કરવા માટે આહ્વાન કર્યું. આતંકવાદ સામેની લડાઈમાં ભારતને મજબૂત સમર્થન આપવા બદલ વૈશ્વિક સમુદાયનો આભાર માનતા, તેમણે જણાવ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલો માત્ર ભારત પર જ નહીં પરંતુ સંપૂર્ણ માનવતા પર હુમલો છે. તેમણે આતંકવાદને સમર્થન અને પ્રોત્સાહન આપતા દેશો સામે કડક કાર્યવાહી માટે આહ્વાન કર્યું. વધુમાં તેમણે જણાવ્યું કે, આતંકવાદને ખતમ કરવા માટે કોઈ દોગલા માપદંડ ન હોવા જોઈએ અને આતંકવાદનું સમર્થન કરતા લોકોને ક્યારેય પુરસ્કૃત કરવા જોઈએ નહીં. આતંકવાદને માનવતા સામે ગંભીર ખતરો ગણાવતાં પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય સમુદાય સામે પોતાના વિચારો રજૂ કરતાં મહત્વના પ્રશ્નો મૂક્યા :

-શું દેશો આતંકવાદ દ્વારા ઉભા થતા ગંભીર જોખમને માત્ર ત્યારે જ સમજશે જ્યારે તેઓ નિશાન બની જાય છે?

-આતંકવાદના અપરાધીઓ અને તેના પીડિતોને સમાન કેવી રીતે ગણી શકાય?

-શું વૈશ્વિક સંસ્થાઓ આતંકવાદ સામે મૂક પ્રેક્ષક બની રહેશે?

4. પ્રધાનમંત્રીએ ટેકનોલોજી, AI અને ઉર્જા વચ્ચે જોડાણ પર પણ વાત કરી. તેમણે કહ્યું કે, કાર્યદક્ષતા અને નવાચારને પ્રોત્સાહન આપવા માટે AI એક મહત્વપૂર્ણ સાધન બની ગયું છે, પરંતુ ટેક્નોલોજીમાં સ્વયં ઉર્જાનો વ્યાપક ઉપયોગ થાય છે, અને સ્વચ્છ તેમજ હરિત પહેલોના માધ્યમથી તેને કેવી રીતે ટકાઉ બનાવી શકાય, તેની વ્યૂહરચના બનાવવી મહત્વપૂર્ણ છે. ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે ભારતના માનવ-કેન્દ્રિત અભિગમ વિશે વિગતવાર માહિતી આપતા, તેમણે જણાવ્યું હતું કે અસરકારક બનવાની કોઈપણ ટેક્નોલોજીએ સામાન્ય લોકોના જીવનમાં મૂલ્ય ઉમેરવું આવશ્યક છે. તેમણે સૂચવ્યું હતું કે AI સંબંધિત વૈશ્વિક શાસનના મુદ્દાઓનું સમાધાન કાઢવું AI ની ચિંતાઓને દૂર કરવા અને ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે AI ના યુગમાં મહત્વપૂર્ણ ખનિજોની સુરક્ષિત અને લવચીક સપ્લાય ચેન હોવી મહત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં ભરપૂર માત્રામાં હાજર ગુણવત્તા અને ડેટા જવાબદાર AI માટે મહત્વપૂર્ણ છે.

5. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ટેકનોલોજી આધારિત વિશ્વમાં ટકાઉ ભવિષ્યને સાકાર કરવા અને તેને પ્રાપ્ત કરવા માટે દેશો વચ્ચે ગાઢ સહકારની જરૂર છે, લોકો અને ગ્રહ (પૃથ્વી)ને પ્રગતિના કેન્દ્રમાં રાખવા આવશ્યક છે. સત્રમાં PM નું સંબોધન અહીં જોઈ શકાય છે [Link]

કાનાનાસ્કિસ

17 જૂન, 2025